પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૪૦ | ૨૦ એપ્રિલ, ૨૦૨૩, ગુરૂવાર; ચૈત્ર વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વિશ્વમાં ભારત ૧૪૨.૮૬ કરોડ વસ્તી સાથે પ્રથમ

**ભારતની વસતી વિશ્વમાં સૌથી વધુ ૧૪૨.૮૬ કરોડે પહોંચી : સંયુક્ત રાષ્ટ્રના રિપોર્ટમાં માહિતી સામે આવી : ૧૪૨.૫૭ કરોડ વસતી સાથે ચીન બીજા ક્રમે, એક વર્ષમાં ભારતની વસતી ૧.૫૬ ટકા વધી, ૨૦૨૧માં થનારી વસતી ગણતરીમાં મહામારીને કારણે વિલંબ**



નવી દિલ્હી, તા.૧૯

ભારતની વસતી હવે દુનિયામાં સૌથી વધુ થઈ ચૂકી છે. ચીનને ભારતને પાછળ છોડી આ સિદ્ધી મેળવી છે. સંયુક્ત રાષ્ટ્ર (યુએન) ના રિપોર્ટમાં આ માહિતી સામે આવી હતી. યુએનના રિપોર્ટ અનુસાર ભારતની વસતી ૧૪૨.૮૬ કરોડ થઈ ચૂકી છે. જ્યારે ૧૪૨.૫૭ કરોડ સાથે ચીન બીજા ક્રમે છે. યુનાઈનેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (યુએનએફપીએ)ના રિપોર્ટમાં સામે આવ્યું કે ભારતમાં હવે ચીનની તુલનાએ આશરે ૨૯ લાખ લોકો વધારે છે.

યુએનના અહેવાલ અનુસાર એક વર્ષમાં ભારતની વસતી ૧.૫૬ ટકા વધી છે. યુએનએફપીએની ધી સ્ટેટ ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ ૨૦૨૩ શીર્ષક હેઠળના રિપોર્ટ અનુસાર ભારતી વસતી ૧.૪૨૮૬ બિલિયન છે. જોકે ચીનની. ૧.૪૨૫૭ બિલિયન છે જે ૨.૯ મિલિયનનું અંતર ધરાવે છે. યુએનના અધિકારીઓએ કહ્યું કે ભારતની છેલ્લી વસતી ગણતરી ૨૦૧૧માં કરાઈ હતી અને ૨૦૨૧માં થનાર વસતી ગણતરીમાં મહામારીને કારણે વિલંબ થયો હતો.

યુએનઅનુસાર ભારત અને ચીન ૮.૦૪૫ બિલિયનની અંદાજિત વૈશ્વિક વસતીના એક

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં ગરમીનો પ્રકોપ

**દેશના અનેક રાજ્યોમાં ગરમીનો પારો ૪૦થી ૪૪ ડીગ્રીએ : ઉત્તર પ્રદેશના હમીરપુર અને પ્રયાગરાજ સહિત કેટલાક શહેરમાં મહત્તમ તાપમાન ૪૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું**

નવી દિલ્હી, તા.૧૯

દેશના મોટાભાગના વિસ્તારોમાં મંગળવાર (૧૮ એપ્રિલ) ના રોજ તાપમાન ૪૦ થી ૪૪ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે હોવાના કારણે હીટવેવની સ્થિતિ પ્રવર્તી રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ દરમિયાન ઉત્તર પ્રદેશના હમીરપુર અને પ્રયાગરાજમાં મહત્તમ તાપમાન ૪૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.



રાષ્ટ્રીય રાજધાનીના પ્રાથમિક હવામાન કેન્દ્ર સફદરજંગ વેધશાળામાં મહત્તમ તાપમાન ૪૦.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે સામાન્ય કરતાં ચાર ડિગ્રી વધારે હતું. આ સતત ચોથો દિવસ છે જ્યારે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર નોંધાયું છે. પૂસા અને પીતમપુરા પ્રદેશોમાં હીટવેવની સ્થિતિ પ્રવર્તી રહી હતી, જ્યાં મહત્તમ તાપમાન અનુક્રમે ૪૧.૬ ડિગ્રી સેલ્સિયસ અને ૪૧.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) એ જણાવ્યું હતું કે બુધવારના રોજ (૧૯ એપ્રિલ) વાદળછાયું વાતાવરણ અને હળવો વરસાદથી શહેરમાં ગરમીથી થોડી રાહત મળી શકે છે. સ્ઢએ હવામાન વિશે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં સક્રિય પશ્ચિમી વિક્ષેપને કારણે મંગળવારના રોજથી ઉત્તર પશ્ચિમ મેદાનોમાં હળવા વરસાદનું અનુમાન છે. આ મહિનાની શરૂઆતમાં હવામાન વિભાગ કાર્યાલયે ઉત્તર-

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં ફરી કોરાનાના કેસ ૧૦ હજારને પાર

**બીજી-ત્રીજી લહેર બાદ દેશભરમાં કોરોનાના કેસ ઝડપી વધી રહ્યા છે : દિલ્હીમાં એક જ દિવસમાં ૭૩૮ થી વધુ કેસ નોંધાયા છે, જેના કારણે દિલ્હીમાં એક્ટીવ કેસની કુલ સંખ્યા વધીને ૫૭૧૪ થઈ ગઈ છે**

નવી દિલ્હી, તા.૧૯

બીજી-ત્રીજી લહેર બાદ દેશભરમાં કોરોનાના કેસ ઝડપી વધી રહ્યા છે. ઘણા મહિનાઓ બાદ ફરી એકવાર દેશમાં કોવિડના ૧૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. જે બાદ દેશભરમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા વધીને ૬૩,૫૬૨ થઈ ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલયની વેબસાઈટ અનુસાર, દેશમાં કોવિડના કેસ ઝડપથી વધી રહ્યા છે, પરંતુ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં આ કેસોમાં વધારો થવાનો દર ખૂબ જ ઝડપી છે. દિલ્હીમાં એક જ દિવસમાં ૭૩૮ થી વધુ કેસ નોંધાયા છે. જેના કારણે દિલ્હીમાં એક્ટીવ કેસની કુલ સંખ્યા વધીને ૫૭૧૪ થઈ ગઈ છે. દિલ્હી બાદ દેશભરમાં કોવિડના કુલ કેસ વધીને ૩૧૫ થઈ ગયા છે. તેથી ત્યાં એક્ટિવ કેસની કુલ સંખ્યા વધીને ૪૦૦૮ થઈ ગઈ છે. કોવિડ આટલી ચિંતાજનક રીતે વધી રહ્યો છે ત્યારે સરકાર અને આરોગ્ય વિભાગ દોડતુ થઈ ગયું છે. કોવિડ ૧૯ના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને આરોગ્ય નિષ્ણાતોએ લોકોને મોટી માત્રામાં કોવિડ રસીકરણ કરાવવાની અપીલ કરી છે. બીજી તરફ, કેન્દ્ર સરકારના નિષ્ણાતો કહે છે કે તેઓ કોવિડના કેસ પર નજર રાખી રહ્યા છે, તેઓ કહે છે કે કોઈપણ રાજયમાં પરિસ્થિતિ અનિયંત્રિત થવાની સંભાવના પર તેઓ રાજ્ય સરકાર સાથે મળીને કામ કરશે. SOP અને કોવિડ કેસ તેને વધતા અટકાવશે. મહારાષ્ટ્રમાં મંગળવારે કોવિડ-૧૯ના કુલ ૯૪૯ નવા કેસ નોંધાયા હતા જ્યારે કોરોનાના કારણે વધુ છ લોકોના મોત થયા હતા.

# ટીએમસીના નેતા મુકુલ રોય ફરી ભાજપમાં જોડાશે

**ટીએમસીના નેતા કેટલાક દિવસથી ગુમ હતા : રોયે ૨૦૨૧ની ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર જીત મેળવી હતી પરંતુ મહિના પછી ટીએમસીમાં પાછા ફર્યા હતા**

નવી દિલ્હી, તા.૧૯

તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ના વરિષ્ઠ નેતા મુકુલ રોયે કહ્યું છે કે તેઓ ભાજપમાં જોડાશે. કૃષ્ણનગર ઉત્તરના ટીએમસી ધારાસભ્યએ કહ્યું કે તેઓ દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડાને મળશે. હું ભાજપમાં પાછો જઈશ. મેં શુભ્રાંશુ (તેમના પુત્ર અને પૂર્વ ટીએમસી ધારાસભ્ય) સાથે પણ ફોન પર વાત કરી છે. તેમણે પણ ભાજપમાં જોડાવું જોઈએ.

અપહરણ થિયરીને નકારી કાઢતાં મુકુલ રોયે કહ્યું કે, ભાજપે દિલ્હીમાં રહેવાની વ્યવસ્થા કરી છે. મેં કૈલાશ વિજયવર્ગીય સાથે વાત કરી હતી, હું ક્યારેય ટીએમસીમાં પાછો ફરીશ નહીં." રોય હાલમાં દિલ્હીમાં છે. અગાઉ સોમવારે (૧૭ એપ્રિલ) રાત્રે, રોયના પરિવારે દાવો કર્યો હતો કે તે સાંજથી "ગુમ" હતા. દિલ્હીમાં તેમના આગમન સાથે તેમના આગામી રાજકીય પગલા વિશે અટકળો શરૂ થઈ.



રોયના પરિવારે દાવો કર્યો હતો કે તેમની "માનસિક સ્થિતિ" સારી નથી અને કોઈ અસ્વસ્થ વ્યક્તિ પર રાજકારણ ન કરવું જોઈએ. ગુમ થવાના દાવા પર મુકુલ રોયે મંગળવારે સવારે દિલ્હીમાં કહ્યું, "હું દિલ્હી આવ્યો છું. કોઈ ચોક્કસ એજન્ડા નથી. હું ઘણા વર્ષોથી સંસદ સભ્ય છું. શું હું દિલ્હી ન આવી શકું? અગાઉ પણ હું નિયમિતપણે દિલ્હી આવતો હતો.

પૂર્વ રેલ્વે મંત્રી મુકુલ રોય ૨૦૧૭માં ટીએમસીનેતૃત્વ સાથે મતભેદો બાદ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં જોડાયા હતા. તેમને ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. રોયે ૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપની ટિકિટ પર જીત મેળવી હતી પરંતુ પરિણામો જાહેર થયાના લગભગ એક મહિના પછી ટીએમસીમાં પાછા ફર્યા હતા. ટીએમસીમાં પરત ફર્યા બાદથી તેઓ લોકોની નજરથી દૂર રહ્યા છે. તેમની ખરાબ તબિયતને ટાંકીને, તેમણે ગયા વર્ષે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષનું પદ છોડી દીધું હતું.

# મહારાષ્ટ્રમાં ૧૨થી ૫ સુધી ખુલ્લી જગ્યાએ કાર્યક્રમ ઉપર પ્રતિબંધ

**નવી મુંબઈમાં એવોર્ડ સમારોહમાં હીટસ્ટ્રોકથી ૧૪નાં મોત : હીટસ્ટોકથી મોત બાદ મહારાષ્ટ્ર સરકાર સફાળી જાગી રેલી-જાહેર કાર્યક્રમો અંગે નવી માર્ગદર્શિકા બહાર પાડી**

મુંબઈ, તા.૧૯

મહારાષ્ટ્રના નવી મુંબઈમાં આયોજિત મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડ કાર્યક્રમમાં હીટસ્ટ્રોકના કારણે અત્યાર સુધીમાં ૧૪ લોકોના મોત થયા છે. હજુ પણ સાત દર્દીઓની હાલત ગંભીર છે અને તે હોસ્પિટલમાં દાખલ છે. આ મામલે મહારાષ્ટ્ર સરકાર એક્શનમાં આવી છે. મહારાષ્ટ્ર સરકારે આજે જાહેર રેલી અને જાહેર કાર્યક્રમ અંગે માર્ગદર્શિકા જારી કરી છે.



માર્ગદર્શિકા મુજબ, સમગ્ર મહારાષ્ટ્રમાં બપોરના ૧૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ખુલ્લી જગ્યાએ કોઈ ફંક્શન અથવા ઈવેન્ટનું આયોજન પર પ્રતિબંધ મૂક્યો છે. જ્યાં સુધી સમગ્ર રાજ્યમાં હીટ વેવની સ્થિતિ ઓછી અથવા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ માર્ગદર્શિકા અમલમાં રહેશે. મહારાષ્ટ્ર સરકાર આ અંગે એક ય્ઈ બહાર પાડશે. કેબિનેટ મંત્રી મંગલ પ્રભાત લોઢાએ આ વાતની પુષ્ટિ કરી છે. હીટસ્ટ્રોકના કારણે થયેલા મૃત્યુ બાબતે વિપક્ષે સરકારને ઘેરી હતી. મહારાષ્ટ્રમાં વિપક્ષના નેતા અજિત પવારે આ મામલે રાજ્ય સરકાર સામે દોષિત ગૌહત્યાનો કેસ નોંધવાની માંગ કરી છે. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને લખેલા પત્રમાં પવારે કહ્યું કે, આ દુર્ઘટના કુદરતી નથી પરંતુ માનવસર્જિત આફત છે અને તેના માટે રાજ્ય સરકાર જવાબદાર છે. પવારે આ ઘટનાની નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા તપાસ કરાવવાની માંગ કરી છે. તેમણે સરકાર પાસે મૃતકોના પરિવારજનોને ૫ લાખ રૂપિયાના બદલે ૨૦-૨૦ લાખ રૂપિયા આપવાની પણ માંગ કરી હતી.

# દિલ્હી કેપિટલ્સના ખેલાડીઓની કીટમાંથી ૧૬ બેટની ચોરી થઈ

નવી દિલ્હી, તા.૧૯

હાલ ચાલી રહેલી આઈપીએલની ૧૬મી સિઝનમાં સૌથી ખરાબ હાલત દિલ્હી કેપિટલ્સની છે. દિલ્હી કેપિટલ્સ સાથે જોડાયેલા એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. દિલ્હી કેપિટલ્સ ટીમના બેટ્સમેનોના બેટ, પેડ, ગ્લોવ્સ અને શૂઝ પણ ચોરાઈ ગયા હતા. આ મામલે ફરિયાદ નોંધવામાં આવી છે, પરંતુ સૌથી ચોંકાવનારી વાત એ છે કે વિદેશી ખેલાડીઓના બેટ પણ ચોરાઈ ગયા છે, જેની દરેકની કિંમત એક લાખ રૂપિયા સુધી છે. દિલ્હી કેપિટલ્સના અડધો ડઝન બેટ્સમેનોના ૧૬ બેટ ચોરાઈ ગયા છે.

અહેવાલ મુજબ બેંગ્લોરમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે મેચ રમ્યા બાદ જ્યારે દિલ્હી કેપિટલ્સના ખેલાડીઓ દિલ્હી પહોંચ્યા અને તેમની કીટ બેગ તેમની પાસે પહોંચી તો તેઓ ચોંકી ગયા હતા. કેપ્ટન ડેવિડ વોર્નરના ૩ બેટ, મિશેલ માર્શના ૨ બેટ, ફિલ સોલ્ટના ૩ અને યશ ધુલના ૫ બેટ ચોરાઈ ગયા હતા. આ સિવાય કેટલાકના પેડ, ગ્લોવ્સ, શૂઝ અને ક્રિકેટના અન્ય સાધનો દિલ્હી પહોંચ્યા ન હતા.

દિલ્હી કેપિટલ્સ ફ્રેન્ચાઈઝીએ આ મામલે ફરિયાદ નોંધાવી છે. દિલ્હી કેપિટલ્સે જેમ તેમ કરીને ગઈકાલે પ્રેક્ટિસ સેશન પૂરું કર્યું હતું.

# અજિત પવાર ઈફ્તાર પાર્ટીમાં શરદ પવાર સાથે જોવા મળ્યા

**મુંબઈના જીમખાનામાં ઈફ્તાર પાર્ટીમાં બંને નેતાઓ સાથે**



મુંબઈ, તા.૧૯

એનસીપીના વડા શરદ પવારે ભત્રીજા અજિત પવાર દ્વારા આયોજિત ઈફ્તાર પાર્ટીમાં પહોંચ્યા ત્યારે બંને વચ્ચે અણબનાવના અહેવાલોને ફગાવી દીધા હતા. મુંબઈના જીમખાનામાં આયોજિત આ ઈફ્તાર પાર્ટીમાં બંને નેતાઓ સાથે જોવા મળ્યા હતા. આ બે એનસીપીનેતાઓ ઉપરાંત સુપ્રિયા સુલે, દિલીપ વાલસે-પાટીલ અને જિતેન્દ્ર આવ્હાડ સહિતના ઘણા વરિષ્ઠ નેતાઓ પણ ઈફ્તાર પાર્ટીમાં સામેલ થયા હતા.

અજિત પવાર શરદ પવાર સાથેના અણબનાવ અંગે પૂછવામાં આવેલા પ્રશ્નથી શરમાતા જોવા મળ્યા હતા. તેમણે તે દરમિયાન કહ્યું કે મીડિયા જાણીજોઈને આવા સમાચાર ફેલાવી રહ્યું છે. આવી અફવાઓમાં કોઈ સત્ય નથી. હું એનસીપી સાથે હતો અને આગળ પણ એનસીપીસાથે રહીશ.

# કેનેડા બોર્ડર ક્રોસ કરી USમાં ઘૂસવાનો પ્રયાસ કરનારા ૯ લોકો ઠંડીમાં થીજ્યાં

**નવ લોકોનો પોલીસે બચાવ્યો જીવ : જાન્યુઆરી ૨૦૨૨માં ડિંગુચાના જગદીશ પટેલનો પરિવાર આ જ બોર્ડર પર કાતિલ ઠંડીમાં થીજી જઈ મોતને ભેટ્યો હતો**

અમદાવાદ, તા.૧૯

કેનેડા બોર્ડર ક્રોસ કરીને અમેરિકા જવાના પ્રયાસમાં ઠંડીમાં થીજી ગયેલા નવ લોકોને પોલીસે રેસ્ક્યુ કર્યા છે, આ ઘટનામાં એક વ્યક્તિ લાપતા હોવાનું પણ બહાર આવ્યું છે. મંગળવારે વહેલી સવારે આ ગ્રુપ બોર્ડર ક્રોસ કરી અમેરિકામાં ઘૂસવાનો પ્રયાસ કરી રહ્યું હતું. તમામ લોકો પગપાળા સાઉથઈસ્ટર્ન મેનિટોબાના સ્પ્રાગ નજીક જંગલોમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની તબિયત લથડતાં તેમણે જ પોલીસનો સંપર્ક કર્યો હતો. કેનેડિયન મીડિયાના રિપોર્ટ્સ અનુસાર, સવારે ચારેક વાગ્યે આ તમામ લોકોને બચાવવામાં આવ્યા હતા તેમ રોસીયુ કંટ્રીના શેરિફ સ્ટીવ ગસ્ટે જણાવ્યું હતું. રેસ્ક્યુ કરાયેલા લોકો કાતિલ ઠંડીને કારણે હાયપોથર્મિયાના ભોગ બન્યા છે. ગેરકાયદે રીતે અમેરિકા જઈ રહેલા આ લોકોમાંથી અમુક લોકોની તબિયત વધુ બગડતાં તેમને હોસ્પિટલ ખસેડાયા છે, પરંતુ મોટાભાગના લોકો હાલ સ્વસ્થ છે. પોલીસના જણાવ્યા અનુસાર, કાતિલ ઠંડીમાં વરસાદ પડતાં આ લોકોના કપડાં ભીના થઈ જવાથી તેઓ થીજી ગયા હતા. જે જગ્યાએ આ ઘટના બની છે તેનાથી થોડે દૂર હાઈવે પર અમેરિકામાં પ્રવેશવાનો ઓફિશિયલ પોર્ટ આવેલો છે, પરંતુ બોર્ડર ક્રોસ કરી રહેલું આ ગ્રુપ તેનાથી ઘણું દૂર હતું. આ વિસ્તારમાં રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસનું રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ ચાલુ હોય છે. કેનેડાથી અમેરિકામાં ઘૂસણખોરી કરતા લોકો પણ આ રૂટ પરથી મોટાભાગે પગપાળા જંગલો કે નિર્જન વિસ્તારમાં થઈને અમેરિકા પહોંચી જતા હોય છે. શિયાળામાં આ વિસ્તારમાં કાતિલ ઠંડી જીવલેણ બની જતી હોય છે, જાન્યુઆરી ૨૦૨૨માં ડિંગુચાના જગદીશ પટેલનો પરિવાર આ જ બોર્ડર ક્રોસ કરી અમેરિકા જવાના પ્રયાસમાં મોતને ભેટ્યો હતો. હાલના દિવસોમાં અહીં ઠંડી થોડી ઘટી છે, મહત્તમ તાપમાન આઠ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન માઈનસ એક ડિગ્રી સુધી રહેતું હોય છે. જોકે, ક્યારેક-ક્યારેક વરસાદ પણ પડતો હોવાના કારણે ઠંડી અચાનક વધી પણ જાય છે. પગપાળા બોર્ડર ક્રોસ કરીને અમેરિકા જતાં લોકો

● અનુસંધાન પાન-૭ પર

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ધનજીભાઈ દેવાભાઈ પરમાર**

પવિત્ર આત્માની અમર યાત્રા
તા. ૧૦-૨-૧૯૫૫ થી તા. ૨૦-૪-૨૦૨૧

સુખને કદી છલકાવ્યું નહીં, દુઃખને દેખાડ્યું નહીં,
સદાય હસતો ચહેરો રાખી કાયમી લીધી વિદાય,
પ્રભુ આપના સદ્ગત આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના..

ગં.સ્વ. હંસાબેન ધનજીભાઈ પરમાર (પત્ની)
ઉત્સવ ધનજીભાઈ પરમાર (પુત્ર)
આકાશ ધનજીભાઈ પરમાર (પુત્ર)
રશ્મિ ધનજીભાઈ પરમાર (પુત્રી)
રમેશભાઈ દેવાભાઈ પરમાર (ભાઈ)
અને સમગ્ર પરીવાર
M.: 9723367947